December 2024


# પાટણ પ્રતિબિંબ
# PATAN PRATIBIMB

શ્રી પાટણ જૈન મંડળનું મુખપત્ર

Shree Patan Jain Mandal
ISO 9001 : 2015 CERTIFIED

Year 20 • Issue 03 / 226
• Mumbai • Page 24 • Price Rs. 2/-
• RNI. Regd. No. MAHGUJ/2006 / 18379

ટેલિફોન: 22811346 • 22811218 • Mobile: 8779161209 • www.patanmandal.org • Email : patanmandal@gmail.com



## પ્રમુખ સ્થાનેથી...

દાનેશ વિનોદચંદ્ર શાહ (માટલીવાલા)

**સ્નેહી પરિવારો,**

**પ્રણામ !**

**ચાલો, નવા વર્ષે હૃદય દ્વાર ખોલીએ... ખુશીઓને પ્રવેશ આપીએ**

**Well come New Year .... 2025....**

આ નવા વર્ષમાં એક સંકલ્પ કરીએ કે, ‘‘હું વર્તમાનને જ માણીશ’’ વર્તમાનની એક એક પળ કે કલાકને ખુશીથી ભરી દઈશ મારો વર્તમાન એ જ મારા સારા ભવિષ્યને જન્મ આપી શકે છે.

**‘‘સિતાર બંધનોથી બંધાયેલી છે, એટલે એમાંથી મધુર સૂર નીકળે છે.**
**હોડી બંધનોથી બંધાયેલી છે એટલે ધારેલી દિશામાં દોટ કાઢે છે.**
**કુટુંબ બંધનોથી બંધાયેલું છે, એટલે એમાંથી પ્રેમ, વાત્સલ્ય નીતરે છે.’’**

આવું કુટુંબ એટલે જ આપણા શ્રી પાટણ જૈન સમાજના પરિવારજનો જેઓના પ્રેમ અને વાત્સલ્યના બંધનોને કારણે જ અમે સહુ નિતનવા કાર્યક્રમો અને સમાજોપયોગી પ્રોજેક્ટો કરી રહ્યા છીએ. આજ સુધી આપણને મોટા મોટા પ્રોજેક્ટો માટે જેટલા પણ ઉદાર દિલના દાનવીરો મળ્યા છે, તેમના થકી તો સમાજમાં પોઝીટીવ રીવોલ્યુએશન આવ્યું છે જે સફળતાના રાજમાર્ગ પર એક નવી સર્જનાત્મક કેડી કંડારે છે.

મને જણાવતાં ખૂબ આનંદ થાય છે કે મુઠ્ઠી ઉંચેરા અને ખમતીધર એવા શ્રેષ્ઠીવર્ય **શ્રી રાકેશકુમાર કાંતિલાલ શાહ** જેઓએ આપણને ગાગરમાં સાગર સમાવી દેવાની શક્તિ આપી છે. તેઓ તરફથી **રૂા. ૧૦ કરોડની માતબર રકમ,** હોલી-ડે-હોમ લોનાવાલા પ્રોજેક્ટ માટે સંસ્થામાં જમા થઈ જતાં અમને ગર્વની લાગણી અનુભવાય છે. એમની દરિયાદિલીને લાખ લાખ સલામ...

**તા. ૨૦ ઓક્ટોબરના** શુભ ચોઘડિયામાં આ પ્રોજેક્ટમાં બધા દાનવીર દાતાઓની ઉપસ્થિતિમાં ભૂમિપૂજનનું કાર્ય સર્વાંગી સુંદર રીતે પૂરું થયા બાદ આપણે આર્કિટેક્ટ અને અન્ય એજન્સીઓને એપોઈન્ટ કરીને કામ આગળ વધારવાનો શુભારંભ કરી દીધો છે PMRD પૂના ખાતે બાંધકામની પરમીશન મેળવવાની અરજીઓના પેપર્સ સબમીટ કરવામાં આવ્યા છે. અંદાજે બધીજ પરમીશનો ફેબ્રુઆરીથી માર્ચ ૨૦૨૫ સુધીમાં આવી જશે. ત્યારબાદ ફુલ સ્પીડમાં પ્રોજેક્ટ પુરો કરીને **ડિસેમ્બર ૨૦૨૬માં હોલી-ડે-હોમનું ઉદ્‌ઘાટન** કરી શકીએ તેવી પરમાત્મા પાસે પ્રાર્થના.

હોલી-ડે-હોમમાં નવગ્રહનું નૂતન જીનાલયનું કામકાજ શરૂ કરવા માટે તેનો Lay-out તૈયાર થઈ ગયો છે. તેમજ પરમાત્માની પ્રતિમાઓ નવગ્રહ મુજબ પસંદ કરવાનું કાર્ય શરૂ થઈ ગયું છે. જીનાલયના બાંધકામ માટે અનુભવી અને

Cont. page 2

શિલ્પકલાના જાણકાર સોમપુરાને એપોઈન્ટ કરવાનું કામ ચાલું છે. **હોલી-ડે-હોમની** સાથે સાથે જીનાલયનું પણ નિર્માણ સમયસર પૂર્ણ થઈ જાય તેવી નવગ્રહ દેવતાઓને પ્રાર્થના. પરમાત્માના આશીર્વાદ મળે તેવી શુભ ભાવના.

**શ્રીમતી રેણુકાબેન રજનીકાંત મણિલાલ શાહ (નિશાળનો પાડો) રૂા. ૧૫ લાખ એક રૂમના સંયુક્ત દાતા તરીકે જોડાયા છે તેમનો ખુબ ખુબ આભાર.** દરેક પટણીઓને અપીલ કરીએ છીએ કે આ શાનદાર લોનાવાલા પ્રોજેક્ટમાં ઉદાર હાથે દાન આપીને આપનું જીવન સુગંધી બનાવો, ધન્ય બનાવો, એવી અભ્યર્થના. **''માંગ કે સાથ તુમ્હારા, સાથી હાથ બઢાના''** આવા સૂત્રોને હૃદયમાં રાખીને જો સાથ-સહકાર આપશો તો **હોલી-ડે-હોમ** આપણા પાટણ સમાજ માટે એક આકર્ષક ઈમારત બનશે.

પાટણ ખાતે **ટી.ડી.એસ.વી. સ્કુલમાં** તથા મુંબઈ ગોરેગામ ખાતે **સૌરભ મેડિકલ હેલ્થકેરમાં** હવે બહુ ઓછી સ્કીમો બાકી રહી છે તો આપ સહુ ઉદાર હાથે દાન આપીને પરોપકારના કાર્યમાં જોડાશો. આ બન્નેની સ્કીમોની વિગત પ્રતિબિંબના આજ અંકમાં આપવામા આવી છે તેની નોંધ લેવા વિનંતી.

શ્રી પાટણ જૈન મંડળ સંસ્થા દ્વારા ચાલતી મેડિકલ, એજ્યુકેશન, જીવન નિર્વાહ વિગેરે સ્કીમોમાં પણ આપ સહુ લાભ લઈ શકો છો જેનો લાભ આપણા જ સમાજના સાધર્મિક પરિવારોને મળશે તો દાતાશ્રીઓને વિનંતી છે કે આ સ્કીમમાં પણ જોડાશો.

**તા. ૫ જાન્યુઆરી ૨૦૨૫થી** વાઈસ પ્રેસીડન્ટ **શ્રી રોહિતભાઈ એમ. શાહના** નેતૃત્વમાં **PPL Tournament** નો પ્રારંભ થવા જઈ રહ્યો છે. **You-tube** ઉપર પણ આ ટુર્નામેન્ટ જોવા મળશે. ટુર્નામેન્ટનું શિડ્યુલ પ્રતિબિંબના આ અંકમાં મુકવામાં આવેલ છે. બધાજ પટણીઓને આ રોમાંચક ટુર્નામેન્ટ જોવાનો એક અનેરો અવસર છે. ખુબ આનંદ આવશે.

પરમાત્માની અસીમ કૃપાથી અને સંસ્થાના પુણ્યોદયથી કમિશ્નર ઓફ ચેરીટેબલ ટ્રસ્ટમાં વર્ષ ૧૯૯૩થી ૨૦૨૨ સુધીના ૩૦ વર્ષથી ટ્રસ્ટીઓના નામ ફેરફારના જરૂરી ડોક્યુમેન્ટ વખતોવખત ફાઈલ કરવા છતાં રજીસ્ટર થયા નહોતા. જે પાટણના ભાભાના પાડાના **CA શ્રી ઉર્મિલભાઈ ગિરીશભાઈ શાહની** મહેનતથી કામ સંપન્ન થયું છે ને જેનો Sanction Report Order પણ આવી ગયો છે. **ઉર્મિલભાઈની** ટીમને ખુબ ખુબ અભિનંદન.

શ્રી પાટણ જૈન મંડળના સમગ્ર પરિવારો તરફથી **શ્રેષ્ઠિવર્ય શ્રી રાકેશકુમાર કાંતિલાલ શાહને ''શાસન રત્ન''** એવોર્ડ પ્રાપ્ત થયો છે તે માટે ખૂબ ખૂબ અભિનંદન.

**ડૉ. શ્રી જશવંતભાઈ મણિલાલ શાહ** (ભાભાનો પાડો) હાલ વિલેપાર્લા જૂહુ - તેઓને રત્નોના અને નંગોના એસ્ટ્રોલોજીની બાબત ડોક્ટરેટની ડીગ્રી પ્રાપ્ત થઈ હોવાથી તેઓને ખૂબ ખૂબ અભિનંદન. પાટણ સમાજમાં આ ક્ષેત્રના સૌ પ્રથમ ડૉક્ટરેટની ડીગ્રી પ્રાપ્ત કરનાર **શ્રીયુત જશવંતભાઈ** માટે ગર્વની લાગણીનો અનુભવ થાય છે.



# સમય વેડફવો એ શું જિંદગીનું અપમાન છે ?

## તંત્રી સ્થાનેથી... ભારતી શાહ

*નૂતન વર્ષની શુભકામના....*

**''ઈ.સ. ૨૦૨૫ એટલે જીવનને ઉર્ધ્વગામી બનાવવા માટેનું ટર્નીંગ પોઈન્ટ''**



**સમગ્ર વિશ્વમાં લોકો નવા વર્ષમાં આશાઓ અને નવા સપનાઓ, નવા લક્ષ્યો, નવા વિશ્વાસ સાથે જીવનમાં આગળ વધવાનો સંકલ્પ કરે છે. આપણા સૌની જિંદગીએ ત્રણ પેજનું પુસ્તક છે. એમાં પ્રથમ અને ત્રીજું પેજ ઈશ્વરે આપણને લખીને આપ્યા છે, એમાં પ્રથમ પેજ છે જન્મ અને ત્રીજું પેજ તો આપણે સૌ જાણીએ છીએ, વચ્ચેનું બીજું પેજ છે એ છે જિંદગી. જેના એક એક પાનાં આપણે લખવાના છે. સુંદર અને કલાત્કમ, આ જિંદગીને ફરીથી એકવાર યાદગાર બની રહે તે માટે નવી કેડીને કંડરનારી બનાવી જોઈએ. આપણી જાતનાં ઘડતર માટે આપણી પાસે એક સરસ પ્લાન હોવો જોઈએ.**

ઘણા વર્ષો પહેલા ટીવી પર **મહાભારતની સિરિયલ** ચાલુ થાય કે તરત જ દરેક એપિસોડ શરૂ થાય એજ સમયે સૌથી પહેલાં આપણને **અવાજના બેતાજ બાદશાહ હરીશ ભીમાણીના** એક અલગ અંદાજમાં એક સૂત્ર સાંભળવા મળતું.

**''મૈ સમય હું''**

**સરકતી રેતી જેવો આ સમય ક્યારેય આપણી સાથે રહેતો નથી. એને પકડી શકતા નથી તેથી સમય મૂલ્યવાન છે તેને વેડફી નાખવાનો નથી.**

પરીક્ષાના દિવસો હતા કેટલાક યુવાનો નફિકરા હતા. એવા ચાર દોસ્તોએ કહ્યું, ''યાર! પરીક્ષાઓ તો આવે ને જાય જિંદગીમાં મોજ કરવાનો અવસર જતો ન કરાય. આપણે પરીક્ષામાં પાસ થવા ઈચ્છતા જ નથી. એટીકેટી આવે એટલે બસ. એ યુવાનો મોડી રાત સુધી ગપસપ કરતાં રહ્યાં અને સમયનું સત્યાનાશ તો વાળ્યું, પણ પોતાની કારકિર્દી બગાડી.

મિત્રો ! આપણાં સૌનું જીવન સમયનુંજ બનેલું છે, આજ આપણી છે, જો આજ ગુમાવી તો આપણી કાલ પણ ગુમાવી જ સમજો. જે કામ આજે નહીં થઈ શકે એ આવતી કાલે થશે કે કેમ તે ખબર નથી. યાદ રહે ! કે સમય એ જ આપણા ભાગ્યનો નિર્માતા છે. સમય માણસને હસતો પણ રાખે અને રડતો પણ રાખે. સમય સફળતા અપાવે તો ક્યારેક નિષ્ફળતા પણ અપાવે. સમય બધું જ કરી શકે છે, આજનું કામ બીજા દિવસે ગઈકાલનું કામ બની જાય છે. આજનાં કરેલા કાર્યો દ્વારા જ આપણી આવતીકાલનું આલેખન થાય છે. જે આપણને વધુ સુંદર કાર્યો કરવાની તક આપે છે, શક્તિ આપે છે. આપણે સમયને બચાવવાનો છે. સમયનું મહત્વ અને મૂલ્ય સમજવા અનિવાર્ય છે.

**ઓક્સફર્ડ યુનિવર્સિટીની ઘડિયાળની ટોચ પર લખેલું છે, કલાકોનો નાશ થાય છે, જે આપણે નામે ચઢે છે. આપણને બીજા કોઈનો સમય બગાડવાનો જરાપણ અધિકાર નથી. કસમયે જોયા વગર આપણને બીજાનો સમય વ્યર્થ વાતોમાં કે ખોટા કામોમાં ખર્ચી નાખવાનો કોઈ હક નથી. સમય પાલનની બાબતમાં આપણે ભારતીયો ઊણાં ઉતરીએ છીએ.**

**કેન્ટ નામના એક તત્વચિંતક** જ્યારે રસ્તા પરથી પસાર થતાં ત્યારે લોકો પોતાની ઘડિયાળનો સમય મેળવી લેતા. કેન્ટના આ સમયપાલનનો આગ્રહ સૌ માટે પ્રેરક છે. દરેક પાણસે પોતાની જિંદગીમાં દરેક કલાક કામ કરતાં રહેવાનું છે. **કોઈપણ માણસ ઉંમરમાં નાનો હોય તો પણ સમય ન ગુમાવ્યો હોય તો તે કલાકોમાં મોટો છે.**

એક યુવાલક્ષી કાર્યક્રમમાં એક નેતા બપોરે બે કલાકે **''સમય પાલનનું મહત્વ''** એ વિશે લેક્ચર આપવા આવવાના હતા. કાર્યક્રમના આયોજકે તેમને સમયસર પધારવા માટે ખાસ આગ્રહ કર્યો હતો અને વિનંતી કરી હતી તેમ છતાં એ નેતા બે વાગ્યે ન આવતા એક કલાક મોડા પડયા અને ઉપસ્થિત લોકોની કે આયોજકોની પાસે માફી પણ ન માગી અને **''સમય પાલનનું મહત્વ''** વિષય પર લેક્ચર ફટકાર્યું.

**રસ્કિન નામના તત્વચિંતક કહે છે, જુવાનીનો એક પણ કલાક એવો નથી હોતો, જેમાં ભાવીની કોઈ તક ન હોય. દિવસો મિત્રનાં વેશમાં આપણી સમક્ષ આવે છે અને કુદરતના અદ્રશ્ય હાથે લખાયેલી બક્ષિસ લાવે છે.** પણ જો આપણે તેનો ઉપયોગ કરીએ નહીં તો સમય નામનો મિત્ર મૌન રહી ને જતો રહે છે અને ફરી પાછો આવતો નથી. સમય એની રૂખ ક્યારે બદલી નાખે છે એની જાણ પણ થતી નથી. માણસ માત્ર ને સમય સાથે તાલ મિલાવવો તે બહુ ચેલેન્જીંગ કામ છે તેથી સમયને વેડફી ને આપણી મહામૂલી આ જિંદગી ને વ્યર્થ વેડફી તો ન જ નખાય આ તો એનું અપમાન કહેવાય.

યાદ રાખીએ: **સમય માનવીને મોટો બનાવે છે,**

**સમાજ માનવીને મહાન બનાવે છે.**

**ઈસુના નવા વર્ષમાં આપણે પ્રવેશ કરવાની તૈયારીમાં છીએ ત્યારે સાત અશ્વના રથમાં બેસીને સૂર્યનારાયણ હસતાં રમતાં આપણા માટે એક નવો સંદેશ લઈને આવે છે. હે માનવી ! ફરીથી આ સૃષ્ટિના સર્જનહારે તને એક નવા નક્કોર વર્ષની સમયની ગિફ્ટ આપી છે તો તારી ભૂતકાળના વીતી ગયેલા મોટા સમયને ભૂલી જા, જાગૃત થઈ જા, તારા સમયનો સદઉપયોગ સત્કાર્યો કરવામાં લગાવી દે. તારા જીવનની એક એક પળ અણમોલ છે, તેને પ્રમાદમાં વેડફી ના દઈશ. તન, મન, ધનથી પ્રસન્નચિત્તે ઉત્સાહભર્યા મનથી તારા કાર્યોનો આરંભ કરવા સજ્જ બની જા.**

**Wish You All A Happy New Year.**

## અભિનંદન - અનુમોદના




રજવાડી નગરી ધરમપુરમાં વિશિષ્ટ વ્યક્તિ એવા દાનવીર શ્રેષ્ઠીવર્ય **શ્રી રાકેશકુમાર કાંતિલાલ શાહનું** એમની વિશિષ્ટ સેવા સન્માન, સેવાનિધિ સમિતિ દ્વારા કરવામાં આવ્યું હતું.

તેઓને માગશર સુદ ૬, શનિવાર તા. ૭ ડિસેમ્બર, ૨૦૨૪ના રોજ આગમ મંદિર પાલીતાણા ખાતે પૂ. આગમોદ્ધારક સાગરાનંદ સૂ. મ.ના ૧૫૦માં જન્મ વર્ષ નિમિત્તે સંમેલનમાં તેઓને **''શાસનરત્ન''** પદવીથી વિભૂષિત કરવામાં આવ્યા હતા. સાગર પરિવાર સ્નેહ સંમેલનમાં પૂ. ગુરુ ભગવંતોની પ્રેરણાથી સુશ્રાવિકા હેમકુવરબેન તથા શ્રી સેવંતીલાલ ખેમચંદ શાહની સુપુત્રી **ગીતાબેન રાકેશકુમાર શાહના** શ્રેયાર્થે નવકારશી, સ્વામિવાત્સલ્ય તથા ચૌવિહાર કરાવવાનો લાભ લીધો હતો. આ પ્રસંગે આ સંમેલનમાં ભારતભરમાંથી લગભગ ૨૫૦૦થી વધારે ભાવીકો પધાર્યા હતા. ૨૫થી વધારે આચાર્ય ભગવંતો તથા ૧૦૦૦થી વધુ શ્રમણ-શ્રમણીની ઉપસ્થિતિ રહી હતી. તેમની ખુબ ખુબ અનુમોદના.

# બોક્ષ ક્રિકેટ મેચ અહેવાલ

**૮ ડિસેમ્બર, ૨૦૨૪ના દિવસે** અંધેરી સ્પોર્ટસ કોમ્પ્લેક્સ ખાતે એક ભવ્ય અને ઉલ્લાસભર્યું **બોક્સ ક્રિકેટ ટુર્નામેન્ટનું** આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં કુલ ૧૦ ટીમોએ ભાગ લીધો હતો. ટુર્નામેન્ટમાં વિજેતા તરીકે રાઈઝિંગ સ્ટાર ટીમે પ્રથમ સ્થાન મેળવ્યું જ્યારે નેમી ૧૧ રનર-અપ તરીકે ચમકી.

આ સ્પર્ધાનું આયોજન અત્યંત વ્યવસ્થિત અને ઊંચા સ્તરે કરવામાં આવ્યું હતું. ત્રણ સેક્રેટરીઓ **શ્રી વિનેશભાઈ, શ્રી યોગેશભાઈ અને શ્રી મિતેશભાઈ** તેમજ જોઈન્ટ સેક્રેટરી **શ્રી પરાગભાઈએ** ટુર્નામેન્ટનું સંપૂર્ણ સંચાલન અને કમાન સંભાળી હતી. આ સાથે કમિટી **શ્રી નિલેશભાઈ, શ્રી ચિરાગભાઈ અને શ્રી સંજયભાઈ** તેમજ એડવાઈઝરી કમિટીના **શ્રી પરેશભાઈએ** સતત સાથે રહીને આ સ્પર્ધાને શફળ બનાવવા માટે મહેનત કરી હતી.

વિશેષ યોગદાન આપનાર ટુર્નામેન્ટના સ્પોન્સર્સ માટે ખાસ આભાર માનવામાં આવ્યો હતો. **ZNL શ્રી દાનેશભાઈ વિનોદચંદ્ર શાહ** જર્સીના સ્પોન્સર અને **Micron Shree શ્રી દિનેશભાઈ શાંતિલાલ શાહ (પોળની શેરી)** બોલના સ્પોન્સર હતા. આ બોક્સ ક્રિકેટમાં ૧૩૦ ખેલાડીઓએ ભાગ લઈ સ્પિરિટ સાથે રમીને મેચ યાદગાર બનાવી હતી.

વિજેતા રાઈઝિંગ સ્ટાર ટીમ ઓનર **મિતેશભાઈ** અને રનરઅપ ટીમના **હિમાંશુભાઈ** તથા આખી ટીમે તેમની જીતને ગરબાના તાલે ઝુમીને ઉજવ્યુ હતું જે આકર્ષણનું કેન્દ્ર બની રહ્યું.

(૧) મુંબઈ વોરિયર્સના ઓનર **શ્રી સંજયભાઈ બી. શાહ અને શ્રી કેતનભાઈ એચ શાહ** હતા. (૨) સ્પર્સ સુપર સ્ટ્રાઈકરના ઓનર **શ્રી વિનીત શાહ અને શ્રીમતી સ્નેહાબેન વિનીતભાઈ શાહ** હતા. (૩) રાઈઝીંગ સ્ટારના ઓનર **શ્રી મિતેશભાઈ શાહ** હતા. (૪) નેની ઈલેવનના ઓનર **શ્રી પિયુષભાઈ શાહ** હતા.

આ બધા સ્પોન્સર્સનો સ્પોર્ટ્સ કમિટી આભાર માનવામાં આવે છે. દરેક મેચમાં ખેલાડીઓએ મજબૂત સ્પર્ધાત્મક ભાવના સાથે ઉત્સાહજનક પ્રદર્શન કર્યું અને પ્રેક્ષકો માટે પણ આ સ્પર્ધા રોમાચક બની ચાર ટ્રોફી બે મેડલો દરેક ટીમના મેડલો અને બેટ્સ બોલર, બેસ્ટ ફિલ્ડર મેન ઓફ ધ સીરીઝ વગેરે મળીને ટ્રોફીઓ આપી ખુશ થયેલા ખેલાડીઓ ટીમ ઓનરો બધા ખુશનુમાં વાતાવરણમાં રાત્રે ૧૧.૦૦ કલાકે છૂટા પડયા.












# PPL 8.0 SHCEDULE

| Day | Match | Date | Team 1 | VS | Team 2 | Reporting | Venue |
|---|---|---|---|---|---|---|---|
| Day 1 Sat | 1 | 04-01-2025 | KS Kings | VS | MTM Riders | 8.45 am | Western |
| | 2 | 04-01-2025 | SK Strikers | VS | New India Titans | 12.30 am | |
| Day 2 Sun | 3 | 05-01-2025 | New India Titans | VS | MTM Riders | 8.45 am | |
| | 4 | 05-01-2025 | CC Mavericker | VS | Irasva Stars | 12.30 pm | |
| Day 3 Sat | 5 | 11-01-2025 | CC Mavericks | VS | SK Strikers | 8.45 am | Cricket Club Khargar |
| | 6 | 11-01-2025 | New India Titans | VS | MTM Riders | 12.30 pm | |
| Day 4 Sun | 7 | 12-01-2025 | Irasva Stars | VS | SPS Superstars | 8.45 am | |
| | 8 | 12-01-2025 | KS Kings | VS | SK Strikers | 12.30 pm | |
| Day 5 Sat | 9 | 18-01-2025 | KS Kings | VS | SPS Superstars | 8.45 am | Surat |
| | 10 | 18-01-2025 | CC Mavericks | VS | New India Titans | 12.30 pm | |
| | 11 | 18-01-2025 | SK Strikers | VS | MTM Riders | 5.45 pm | |
| Day 6 Sun | 12 | 19-01-2025 | CC Mavericks | VS | Irasva Stars | 8.45 am | |
| | 13 | 19-01-2025 | New India Titans | VS | SPS Superstars | 12.30 pm | |
| Day 7 Sat | 14 | 25-01-2025 | Irasva Stars | VS | SPS Superstars | 8.45 am | Air India Mazgaon |
| | 15 | 25-01-2025 | KS Kings | VS | New India Titans | 12.30 pm | |
| | 16 | 25-01-2025 | CC Mavericks | VS | MTM Riders | 5.45 pm | |
| Day 8 Sun | 17 | 26-01-2025 | SK Strikers | VS | MTM Riders | 8.45 am | |
| | 18 | 26-01-2025 | CC Mavericks | VS | SPS Superstars | 12.30 pm | |
| | 19 | 26-01-2025 | KS Kings | VS | Irasva Stars | 5.45 pm | |
| Day 9 Sat | 20 | 01-02-2025 | CC Mavericks | VS | New India Titans | 8.45 am | Air India Mazgaon |
| | 21 | 01-02-2025 | MTM Riders | VS | Irasva Stars | 12.30 pm | |
| | 22 | 01-02-2025 | SK Strikers | VS | SPS Superstars | 5.45 pm | |
| Day 10 Sun | 23 | 02-02-2025 | KS Kings | VS | MTM Riders | 8.45 am | |
| | 24 | 02-02-2025 | SK Strikers | VS | Irasva Stars | 12.30 pm | |
| | 25 | 02-02-2025 | New India Titans | VS | SPS Superstars | 5.45 pm | |
| Day 11 Sat | 26 | 08-02-2025 | CC Mavericks | VS | SPS Superstars | 8.45 am | Lonawala |
| | 27 | 08-02-2025 | KS Kings | VS | SK Strikers | 12.30 pm | |
| | 28 | 08-02-2025 | New India Titans | VS | Irasva Stars | 5.45 pm | |
| Day 12 Sun | 29 | 09-02-2025 | MTM Riders | VS | SPS Superstars | 8.45 am | |
| | 30 | 09-02-2025 | SK Strikers | VS | Irasva Stars | 12.30 pm | |
| | 31 | 09-02-2025 | KS Kings | VS | CC Mavericks | 5.45 pm | |
| Day 14 Sat | 32 | 15-02-2025 | KS Kings | VS | Irasva Stars | 8.45 am | Mahul |
| | 33 | 15-02-2025 | SK Strikers | VS | SPS Superstars | 12.30 am | |
| Day 15 Sun | 34 | 16-02-2025 | KS Kings | VS | New India Titans | 8.45 am | |
| | 35 | 16-02-2025 | CC Mavericks | VS | MTM Riders | 12.30 pm | |

**PLAY OFF**

| Day | Match | Date | Match Type | Reporting | Venue |
|---|---|---|---|---|---|
| Day 16 Sat | 36 | 22-02-2025 | Qualifier 1 | 8.45 am | Western |
| | 37 | 22-02-2025 | Elomonator | 12.30 am | |
| Day 17 Sun | 38 | 23-02-2025 | Qualifier 2 | 12.30 pm | |

**FINALS**

| Day | Match | Date | Match Type | Reporting / Venue |
|---|---|---|---|---|
| Day 18 Sun | 39 | 02-03-2025 | Finals | Will Update |

## અભિનંદન

**સમસ્ત મહાજનના જીવદયાના દાનોત્સવ પ્રોગ્રામમાં શ્રી પાટણ જૈન મંડળના પ્રમુખ શ્રી દાનેશભાઈ માટલીવાલાને પ્રમુખ સ્થાને આમંત્રિત કરવામાં આવ્યા હતા. શ્રી દાનેશભાઈએ સમસ્ત મહાજનને એમના જીવદયાના કાર્યો બદલ તથા અન્ય સાધર્મિક કાર્યો કરવા બદલ આભાર માન્યો હતો અને શુભેચ્છા આપી હતી.**




## PRIDE OF PATAN

**Dr. Jashvant M. Shah** (Bhabha no Pado)is a pioneering figure in alternative medicine and aura photography. With a career spanning over five decades, he has redefined holistic health in India.

A pharmacy graduate and successful entrepreneur, Dr. Shah introduced Kirlian camera technology to India in 2002. He founded the Suru Kirlian Photography Center in 2014, dedicated to the science of aura photography.

Dr. Shah's work has helped countless individuals identify health imbalances, focusing on early detection and holistic approaches. His contributions have earned him multiple awards and recognition in the Limca Book of Records.






## પ્રસંગ પરિમલ

હાવર્ડ હેલી એક ગરીબ વિદ્યાર્થી હતો તેની પાસે ભણવાના પૂરતા પૈસા નહોતા. તેથી દિવસે ફેરી ફરે અને રાત્રે ભણે. એક દિવસ ફેરીમાં પૂરો માલ ન વેચાયો તેથી તે હતાશ થઈ ગયો. એ હતાશ બાળક પર એક સ્ત્રીની નજર પડી. તેની હતાશાનું કારણ જાણ્યું. ભૂખને તરસનું પૂછ્યું અને તેને દૂધ લાવીને પાયું. પેલા વિદ્યાર્થીને ઘણો હાશકારો થયો. થોડા વર્ષો વીતી ગયા તે સ્ત્રીને ગંભીર રોગ થયો. શહેરની એક મોંઘીદાટ હોસ્પિટલમાં એડમિટ થયા. સારવાર મળવાથી રોગનો પ્રકોપ તો ઓછો થઈ ગયો, પણ હવે ચિંતા હતી બિલની, ડિસ્ચાર્જ વખતે ખૂબ મોટી રકમનું બિલ તેમના હાથમાં આવ્યું હતું. તે બિલમાં સાથે ટિપ્પણી લખેલી હતી.

'સંપૂર્ણ બિલ ચૂકવી દીધું છે' તેની નીચે અમેરિકાના પ્રખ્યાત ગાયનેકોલોજીસ્ટ ડોક્ટર હાવર્ડ હેલીની સહી હતી.

# વુમન એમ્પાવરમેન્ટ દ્વારા યોજાયેલ વુમન ક્રિકેટ મેચ

**પાટણ જૈન સમાજની નારીઓ જે રસોડામાં વેલણ લઈને ફરતી હતી તે નારીઓ આજે હાથમાં બેટ પકડીને ક્રિકેટના મેદાનમાં રનનો સ્કોર કરીને વિજેતા બની પોતાની આત્મશક્તિ, આત્મસન્માન અને આત્મનિર્ભર બનીને પ્રગતિના પંથ પર સફળતાની પગદંડી પર દોડી રહી છે.** તાજેતરમાં ઓક્ટોબર મહિનામાં યોજાયેલ ટ્રેડફેરમાં પણ બિઝનેશ વુમન તરીકે નામ રોશન કરતી **તા. ૧૬ નવેમ્બર,૨૦૨૪ના** રોજ શ્રી પાટણ જૈન મંડળ વુમન એમ્પાવરમેન્ટ કમિટિના નેજા હેઠળ શાનદાર ક્રિકેટ મેચનું આયોજન કરીને વીકે મેનન, ટર્ફ ક્લબ, બોરીવલી (વે) ખાતે શ્રી પાટણ જૈન મંડળમાં પ્રથમવાર ઈતિહાસ રચ્યો છે.

**આ ટુર્નામેન્ટમાં ૮ ટીમોએ ભાગ લીધો હતો. દરેક ટીમમાં ૧૦ પ્લેયર હતા.**

ટુર્નામેન્ટની શરૂઆત ધ્વજવંદન અને રાષ્ટ્રગીત સાથે થઈ હતી. ત્યારબાદ વુમન એમ્પાવરમેન્ટના સેક્રેટરી **શ્રીમતી દિપ્તીબેન એન. શાહ** દ્વારા દરેક ટીમને શપથ વિધિ કરાવી હતી. અને કહ્યું હતું, **''અમે બધા ખેલદીલી પૂર્વક આ મેચ રમીશું.''** મુખ્ય મહેમાન **શ્રીમતી નિશાબેન** અને પાટણ સમાજના પ્રથમ મહિલા **શ્રીમતી કેતકીબેન શાહ** દ્વારા ક્રિકેટ ટ્રોફીનું અનાવરણ કરાયું હતું. દરેક ટીમની પરેડ યોજાઈ હતી અને **શ્રીમતી નિશાબેન** દ્વારા પ્રથમ ટોસ ઉછાળવામાં આવ્યો હતો. દેરક ટીમ ખૂબજ ખેલદીલી પૂર્વક અને ઉત્સાહપૂર્વક રમી રહી હતી. દર્શકોએ હાજર રહી ખેલાડીઓને પ્રોત્સાહિત કર્યા હતા. ટોટલ ૧૫ મેચો રમાઈ હતી.

આ ટુર્નામેન્ટની ચેમ્પયનશીપ Pride Pat ને મળી હતી. જેના ઓનર **મોનાબેન શાહ, ફાલ્ગુનીબેન શાહ, શીતલબેન શાહ** અને **દીપાલીબેન શાહ** હતા. રનર અપ ટ્રોફી Jeevan Warriours એ મેળવી હતી. જેના ઓનર **આશીતાબેન સોનીરભાઈ સાંડેસરા** હતા.

**વુમેન ઓફ ધ સીરીઝ શ્રેયા વિશાલભાઈ શાહે** મેળવી હતી. **બેસ્ટ બોલર ટ્રોફી તીર્થા શાહને** મળી હતી. **બેસ્ટ બેટ્સમેનની ટ્રોફી શ્રીમતી કોમલ નીલય શાહને** મળી હતી. આ ટુર્નામેન્ટમાં દરેક મહિલા ખેલાડીને પ્રોત્સાહિત કરવા શ્રી પાટણ જૈન મંડળના પ્રેસિડન્ટ **શ્રી દાનેશભાઈ શાહે** વિશેષ હાજરી આપી આ કાર્યક્રમની શોભા વધારી હતી. એડમિન **શ્રી ભાવિકભાઈ શાહ** પણ હાજર રહીને અમારો ઉત્સાહ વધાર્યો હતો. શ્રી પાટણ જૈન મંડળની વિવિધ કમીટીના મેમ્બેરોએ ઉપસ્થિત રહીને પ્રોત્સાહન આપ્યું તે બદલ ખુબ ખુબ આભાર.

વુમન એમ્પાવરમેન્ટના સેક્રેટરી **શ્રીમતી હીનાબેન શાહે** પ્રમુખશ્રી તથા આવનાર દરેક મહેમાનોનું સ્વાગત કર્યું હતું. વિજેતા ટીમોની જાહેરાત કરી દરેક ખેલાડીઓને આગામી **''પટણી વુમન લીગ સીઝન''** ભાગ લેવા માટે પ્રોત્સાહિત કર્યા હતા. દર વર્ષે **PPL**ની જેમ **PWL** નું પણ આયોજન થતું રહેશે. ઉપસ્થિત દરેક મહિલાઓએ તાળિયાઓના નાદથી આ વાતને વધાવી હતી.

**પ્રમુખશ્રી દાનેશભાઈએ** વુમન એમ્પાવરમેન્ટ દ્વારા થયલી વુમન ક્રિકેટ મેચના આયોજનને ખુબ જ બિરદાવ્યું હતું. કમિટીને આગામી વર્ષોમાં આ આયોજન ચાલુ રહે તે માટે પ્રોત્સાહન આપ્યું હતું. વિજેતા ચેમ્પિયન ટીમ તેમજ રનર અપ ટીમને ટ્રોફી એનાયત કરી હતી. ભાગ લીધેલ તમામ ખેલાડીને ટ્રોફી અપાઈ હતી.

સેક્રેટરી **શ્રીમતી ભાવિનીબેન શાહે** સુંદર રીતે આભાર વિધિ કરી હતી. સીઝન - ૧ના સહ-આયોજક **શ્રીમતી નિશાબેન ડી. શાહનો** તેમના યોગદાન માટે આભાર માનવામાં આવ્યો હતો. તેમજ વુમન એમ્પાવરમેન્ટના ૨૦૨૪-૨૦૨૫ના આદરણિય ડોનર **શ્રીમતી કેતકીબેન દાનેશભાઈ શાહ, શ્રીમતી સુધાબેન દિનેશભાઈ શાહ** તથા **શ્રીમતી આશીતાબેન સોનીરભાઈ** સાંડેસરાનો ખૂબ આભાર જેમના સાથ અને સહકારથી દરેક પ્રોગ્રામનું ખૂબ સુંદર રીતે આયોજન શક્ય બન્યું હતું. દર વર્ષે આજ રીતે પટણી વુમન લીગ સીઝનનું આયોજન વુમન એમ્પાવરમેન્ટ કમિટી દ્વારા થતું રહેશે તેમ જણાવ્યું હતું. સેક્રેટરી **શ્રીમતી જીમ્મીબેન શાહે** સતત ટર્ફ પર ઉપસ્થિત રહી તમામ ખેલાડીઓનો ઉત્સાહ વધાર્યો હતો.

ક્રિકેટ દરમ્યાન મજેદાર કોમેન્ટ્રી આપનાર **શ્રી જીનેનભાઈ** તથા **શ્રી કલ્પિતભાઈનો** ખુબ ખુબ આભાર. સમગ્ર મેચ દરમ્યાન દરેક બોલ પર ખેલાડીઓનો જુસ્સો વધારનાર ગીતો એને જોશવાળા મ્યુઝિકથી લોકોને ઉત્સાહિત કરવા બદલ માસ્ટર **યુવાંશ નીખીલ શાહનો** ખુબ આભાર. વુમન એમ્પાવરમેન્ટ પ્રથમવાર આયોજન કરી રહ્યું હતું તેથી કંઈપણ મુશ્કેલી ના પડે તે માટે આયોજન દરમ્યાન કાંદિવલી મિત્રમંડળના **શ્રી ચિરાગભાઈ સી. શાહ, શ્રી મિતેશભાઈ એસ. શાહ, શ્રી પરાગભાઈ આર. શાહે** સહકાર આપ્યો હતો તે બદલ આભાર.

ટુર્નામેન્ટ દરમ્યાન સ્વાદિષ્ટ હાઈ ટી અને સ્વાદિષ્ટ સાંજનું જમણ લોકોએ માણ્યું હતું અને વુમેન્સ મેચનો નવો ઈતિહાસ રચવાની ખુશાલી સાથે લોકો છૂટા પડ્યા હતા.




શ્રી પાટણ જૈન મંડળ સંચાલિત
PWL
વુમન એમ્પાવરમેન્ટ કમિટિ આયોજિત
વર્ષ ૨૦૨૪-૨૫ કાર્યક્રમના ઉદારદિલ દાતાઓ
કેતકીબેન દાનેશભાઈ શાહ (માટલીવાળા) કનાસાનો પાડો
સુધાબેન દિનેશભાઈ શાહ, પોળની શેરી
આશિતાબેન સોનીરભાઈ સાંડેસરા, કેશુશેઠનો પાડો


શ્રી પાટણ જૈન મંડળ સંચાલિત
વુમન એમ્પાવરમેન્ટ કમિટિ દ્વારા આયોજિત ટર્ફ ક્રિકેટ
પટણી વુમન લીગ PWL Season-1 (2024)ના ટીમ Sponserors
JEEVAN WARRIOR
ASHITA SONIR SANDESARA (KESU SHETH NO PADO)
RISING STAR
PINKY MITESH SHAH (KHETARWASI)
PRIDE PATNI
MONA SHAH, FALGUNI SHAH, SHITAL SHAH, DEEPALI SHAH
PARLE PHEONIX
SEJAL SHAH (VAKHATJI NI SHERI-FOFALIYA WADO)
SWIPPO WARRIORS
BHUMIKA SHAH (KHETARPAL NO PADO)
ROYAL QUEENS
HEENA CHETAN SHAH (DANK MEHTA NO PADO)
JET REALTORS
GEMINIBEN HEMNATBHAI SALVI (SALVIWADO)
JAS STRIKERS
BHAVINI JANAK SHAH (LAKHIYAR WADO)


PATNI WOMEN LEAGUE SEASON-1
CO-SPONSOR
MannMilap
Mann se Dil ka rishta
Matchmaking Platform Exclusively for Jain Community
Founder - Nisha Shah - 98211 23191
Uniting Community Through Cricket & Celebrating Women's Achievements In Sports
#MannMilaapSupportsWomenInSports


PWL
MANN MILAAP














ROYAL QUEENS

## શ્રી પાટણ જૈન મંડળ યોજિત

## હોલી ડે હોમ લોનાવાલા

# LONAVALA PROJECT DATA SHRI

### લોનાવલા પ્રોજેક્ટના મુખ્ય દાતાશ્રી

**Rs. 10 Cr.**

**શ્રીમતી ગીતાબેન રાકેશકુમાર શાહ**

**(શ્રી સેવંતીલાલ ખેમચંદ શાહની સુપુત્રી - કુંભારીયા પાડો)**

### દેરાસરના સંપૂર્ણ લાભાર્થી

**શ્રી દાનેશભાઈ વિનોદચંદ્ર શાહ (માટલીવાલા)**

**Rs. 5.25 Cr.**

### મલ્ટી પરપઝ હોલના સંપૂર્ણ લાભાર્થી

**શ્રીમતી પન્નાબેન કપુરચંદ સોનાવાલા**

**Rs. 4.00 Cr.**

### Rs. 1.25 Cr. સાધુ ભગવંતના ઉપાશ્રયના લાભાર્થી

શ્રી પ્રદિપભાઈ રમણલાલ શાહ (કુંભારીયા પાડો) / શ્રીમતી વસુમતીબેન સેવંતિલાલ શાહ (ચિતારાની ખડકી)

### Rs. 1.25 Cr. સાધ્વી ભગવંતના લાભાર્થી

- શ્રી કીર્તિલાલ પોપટલાલ શાહ (મલ્લાતનો પાડો) -
  હ. શ્રીમતી રંજનબેન (બચુભાઈ) મહાસુખલાલ શાહ (વાસુપૂજ્યની શેરી)

### Rs. 1.00+25 = 1.25 Cr. મુખ્ય આધાર સ્થંભ લાભાર્થી

- શ્રીમતી ભગવતીબેન વિનોદચંદ્ર શાહ (માટલીવાલા) (કનાસાનો પાડો)
- શ્રી હેમંતભાઈ કાંતિલાલ શાહ (સાલવી પરિવાર) (સાલવી વાડો)
- શ્રી સંદિપભાઈ કીર્તિલાલ શાહ ( કેશુશેઠનો પાડો)
- શ્રીમતી વસુમતીબેન સેવંતિલાલ શાહ (ચિતારાની ખડકી) / શ્રી પ્રદિપભાઈ રમણલાલ શાહ (કુંભારીયા પાડો)
- શ્રી હેમચંદ્રભાઈ જીવનલાલ શાહ (કસુંબીયા વાડો)
- શ્રીમતી પ્રજ્ઞાબેન દીપકભાઈ રેવંતિલાલ શાહ (કનાસાનો પાડો)
- શ્રી રમેશચંદ્ર છબીલદાસ ઝવેરી (મનમોહનજીની શેરી)
- શ્રીમતી સુધાબેન દિનેશભાઈ શાહ (પોળની શેરી)
- શ્રીમતી આશીતાબેન સોનીરભાઈ મહેન્દ્રભાઈ સાંડેસરા (કેશુશેઠનો પાડો)

### Rs. 50+13 = 63 Lc સહયોગી આધાર સ્થંભ લાભાર્થી :

- શ્રી ધવલભાઈ દીપકભાઈ શાહ (કનાસાનો પાડો)
- શ્રીમતી કાંતાબેન ચંદુલાલ પત્રાવાલા હ. શ્રીમતી ભારતીબેન ગીરીશભાઈ શાહ (પત્રાવાલા) (ચિતારાની ખડકી)
- શ્રીમતી નિરંજનાબેન પ્રફુલભાઈ શાહ હ. શ્રીમતી દીપાબેન નિલેશભાઈ શાહ ( )
- શ્રીમતી નિર્મળાબેન ચંદ્રકાંત ચીમનલાલ શાહ - હ. શ્રીમતી પીંકી ધીરેનભાઈ શાહ, શ્રીમતી પલ્લવી અમીતભાઈ, શ્રીમતી આશિતાબેન ભુપેનભાઈ (પોળની શેરી)

## લોનાવાલા હોલી ડે હોમ : Rs. 30 Lc એક રૂમના લાભાર્થી :

- શ્રી કાંતિલાલ ડાહ્યાભાઈ શાહ (મશરુવાલા) – હ. શ્રીમતી કિરણબેન પ્રવિણભાઈ શાહ (કુંભારીયા પાડો)
- માતુશ્રી વિમળાબેન કાંતિલાલ શાહ – હ. શ્રીમતી ગુણવંતીબેન અરવિંદભાઈ શાહ (ખેતરવસી)
- શ્રીમતી મધુબેન વર્ધમાનભાઈ સાંડેસરા – હ. શ્રીમતી દર્શનાબેન અમીતભાઈ શાહ (કેશુશેઠનો પાડો)

## Rs. 15 Lc એક રૂમના સંયુક્ત લાભાર્થી રહેશે :

- શ્રીમતી બીનાબેન દીપકભાઈ શાહ (વખતજીની શેરી)
- શ્રી દિલીપભાઈ વરજીવનદાસ શાહ (મલ્લાતનો પાડો)
- શ્રીમતી સેજલબેન (રૂપાબેન) મનીષભાઈ મજીઠીયા
- શ્રીમતી વીરમતીબેન જિતેન્દ્રભાઈ શાહ (ભાભાનો પાડો)
- શ્રી બીપીનચંદ્ર ભોગીલાલ સાંડેસરા (અબજી મહેતાનો પાડો)
- શ્રી નિખીલભાઈ રવિન્દ્રભાઈ શાહ (ખજુરીનો પાડો)
- શ્રી દર્શનભાઈ રવિન્દ્રભાઈ શાહ (ખજુરીનો પાડો)
- શ્રી નવનીતલાલ મણિલાલ શાહ – હ. શ્રીમતી સુરેખાબેન નવનીતલાલ શાહ (મણિયાતી પાડો)
- શ્રી ધીરેનભાઈ મહેન્દ્રભાઈ શાહ (વખતજીની શેરી)
- શ્રી સુરેશભાઈ હિંમતલાલ શાહ – હ. શ્રી મિતેશભાઈ શાહ (શાંતિનાથની શેરી)
- શ્રીમતી રમીલાબેન કીરીટભાઈ મહાસુખલાલ શાહ (નંદરબારવાલા) (ડંકમહેતાનો પાડો)
- શ્રીમતી ભાનુબેન ગુલાબચંદ શાહ – હ. શ્રીમતી શિલ્પાબેન પંકજભાઈ શાહ (કનાસાનો પાડો)
- શ્રી સંજયભાઈ દિનેશભાઈ શાહ – હ. શ્રીમતી નયનાબેન દિનેશભાઈ શાહ (સિદ્ધચક્રની પોળ)
- શ્રીમતી સુષ્મિતાબેન સુધીરભાઈ શાહ – હ. શ્રી સંજયભાઈ સુધીરભાઈ શાહ (મારફતિયા મહેતાનો પાડો)
- શ્રી જતીનભાઈ ભગવાનદાસ શાહ – હ. શ્રીમતી નીનાબેન જતીનભાઈ (ખેતરવશી)
- શ્રી જનકભાઈ અરવિંદકુમાર શાહ – હ. શ્રીમતી ભાવીનીબેન જનકભાઈ શાહ (લખિયારવાડો)
- શ્રીમતી પારૂલબેન રાજેશકુમાર શાહ – હ. શ્રી રમેશભાઈ છબીલદાસ ઝવેરી (મનમોહનજીની શેરી)
- શ્રીમતી ઉષાબેન વિજેન્દ્રભાઈ પટણી – હ. શ્રીમતી ડિમ્પલબેન જીગરભાઈ શાહ (નિશાળનો પાડો)
- શ્રીમતી સુધાબેન મહેન્દ્રભાઈ ચીમનલાલ શાહ પરિવાર – હ. શ્રી નીતિનભાઈ, શ્રીમતી સેફાલી, શ્રી પરીન શાહ (લખિયાર વાડો)
- શ્રીમતી રેણુકાબેન રજનીકાંત મણિલાલ શાહ (નિશાળનો પાડો)







# LONAVALA PROJECT SCHEME

**Rs. 1.00+25 = 1.25 Cr. મુખ્ય આધાર સ્થંભ લાભાર્થી**

જેમાં દાતાશ્રીનું યોગ્ય જગ્યાંએ નામ આવશે.
૯૦ દિવસ Maintenance Cost થી એક રૂમ દાતાશ્રીને રહેવા મળશે.
તેમજ સગા-વ્હાલાને પણ રહેવા આપી શકાશે.
આ સ્કીમમાં ગભારાના ભગવાન ભરાવવાનો અને પ્રતિષ્ઠાનો લાભ મળશે,
જેના રૂા. ૨૫ લાખ રહેશે જેમાંથી રૂા. ૧૫ લાખ મૂર્તિ ભરાવવાના તથા
પ્રતિષ્ઠાના લાભના અને રૂા. ૧૦ લાખ સર્વસાધારણમાં વપરાશે.

**Rs. 50+13 = 63 Lc સહયોગી આધાર સ્થંભ લાભાર્થી :**

જેમાં દાતાશ્રીનું યોગ્ય જગ્યાએ નામ આવશે,
૪૫ દિવસ Maintenance Cost થી એક રૂમ દાતાશ્રીને
રહેવા મળશે તેમજ સાથે સગા-વ્હાલાને પણ રહેવા આપી શકાશે.
આ સ્કીમમાં એક ભગવાન ભરાવવાનો
અને પ્રતિષ્ઠાનો લાભ મળશે, જેના રૂા. ૮ લાખ અને ૫ લાખ સર્વસાધારણમાં વપરાશે.

**Rs. 30 Lc એક રૂમના લાભાર્થી :**

જેમાં રૂમ ઉપર દાતાશ્રીનું નામ આપવામાં આવશે
સાથે ૩૦ દિવસ Maintenance Cost થી એક રૂમ દાતાશ્રીને રહેવા મળશે
તથા સગા-વ્હાલાને પણ રહેવા આપી શકશો.

**Rs. 15 Lc એક રૂમના બે લાભાર્થી રહેશે :**


જેમાં એક રૂમ ઉપર બે દાતાશ્રીઓના નામ આપવામાં આવશે
સાથે ૧૫ દિવસ Maintenance Cost થી એક રૂમ દાતાશ્રીને રહેવા મળશે
તથા સગા-વ્હાલાને પણ રહેવા આપી શકશો.

**Rs. 2.25 Cr** ડાયનીંગ હોલ Grand
**Rs. 1.50 Cr** એન્ટ્રન્સ લોબી
**Rs. 1.25 Cr** ક્રિકેટ ગ્રાઉન્ડ
**Rs. 1.25 Cr** લેન્ડસ્કેપ એરિયા
**Rs. 1.25 Cr** હોલ (૨૦૦ વ્યક્તિ માટે)
**Rs. 63 Lc** હોલ (૧૦૦ વ્યક્તિ માટે)
**Rs. 30 Lc** વ્યૂવિંગ ગેલેરી

૫૦ લાખથી વધારે રકમના લાભાર્થીઓ / દાતા શ્રીઓને અન્ય લાભ આપવામાં આવશે
તો વ્યક્તિગત અમારો સંપર્ક કરવા વિનંતી કરીએ છીએ.
દાતા શ્રીઓને એમનું દાન બે વર્ષમાં હપ્તેથી ભરવાનો લાભ મળશે સાથે 80G સર્ટિફિકેટ પણ મળશે.
જે કોઈને લાભ લેવો હોય તે 'વહેલા તે પહેલા' ના ધોરણે નામ આપવામાં આવશે.

**નીચે જણાવેલ નંબર ઉપર સંપર્ક કરવા**

શ્રી દાનેશભાઈ વિનોદચંદ્ર શાહ (માટલીવાલા) પ્રમુખ : ૯૯૩૦૮૯૧૯૮૫
શ્રી હેમંતભાઈ કાંતિલાલ સાલવી - પ્રથમ ઉપપ્રમુખ : ૯૮૨૦૦૪૮૩૬૭
શ્રી રાજેન્દ્રભાઈ જયંતિલાલ શાહ (જેડી.) - ઉપપ્રમુખ : ૯૩૨૨૨૨૭૨૦૯
શ્રી દેવેશભાઈ રમેશચંદ્ર શાહ - માનદમંત્રી : ૯૮૬૯૩૩૩૭૧૬



# Shree Patan Jain Mandal
# SAURABH MEDICAL HEALTH CARE
## (Goregaon)

## We Welcome Donors for the following Department

| | | |
|---|---|---|
| • Physiotherapy | ... | 1.25 Cr |
| • Dental | ... | 1.00 Cr |
| • ENT | ... | 1.00 Cr |
| • Pediatric | ... | 1.00 Cr |
| • Homeopathy | ... | 0.50 Cr |
| • Ayurvedic | ... | 0.50 Cr |

**CONTACT FOR DONATION**

Shri Daneshbhai Vinodchandra Shah Mo. 9930891985

Shri Hemantbhai Kantilal Salvi Mo. 9820048367

**મેડિકલ હેલ્થકેરના નવા ભવનનું નિર્માણ કાર્ય ચાલુ છે.**

## શ્રી ત્રિભોવનભાઈ ધનજીભાઈ સ્માર્ટ વિદ્યાલય – પાટણ



**શિક્ષણ પ્રદાન ક્ષેત્રના આ અભિયાનમાં તમો સહભાગી બન્યા છો ? આજેજ વિચારો. આજેજ જોડાઓ.**
**પુણ્યાનુબંધી પુણ્ય કમાવો.... વર્ષો વર્ષની સ્મૃતિ માટે તમારા પરિવારની તક્તી અંકિત કરાવો....**

**નીચે મુજબની યોજનામાં દાતાશ્રીઓ આવકાર્ય છે**

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| ◆ Multipurpose Hall | 1 | ... | 25,00,000 | ◆ Multipurpose Hall | 2 | ... | 25,00,000 |
| ◆ Solar System | 1 | ... | 25,00,000 | ◆ Lift | 1 | ... | 5,50,000 |
| ◆ Golden Stone | | | 2,00,000 | ◆ Silver Stone | | | 1,00,000 |

સંપર્ક : શ્રી પાટણ જૈન મંડળ : 8779161209 ✻ પ્રમુખશ્રી, શ્રી દાનેશભાઈ વી. શાહ : 9930891985
ઉપપ્રમુખ, શ્રી રાજેન્દ્રભાઈ જે. શાહ : 9322227209 ✻ માનદમંત્રી, વિદ્યાલય શ્રી ભરતભાઈ સી. શાહ : 9323189941

# શ્રી પાટણ જૈન મંડળ

## શૈક્ષણિક ક્ષેત્રે ઉચ્ચ કક્ષાએ માર્ક્સ મેળવવા બદલ તેમજ વિવિધ ક્ષેત્રે મેળવેલ વિશિષ્ટ સિદ્ધિઓ બદલ ગુણવત્તાના ધોરણે અપાતા પારિતોષિકો

સમાજમાં શિક્ષણ ક્ષેત્રે ઉજ્જવળ કારકિર્દીનું પ્રમાણ વધતું રહ્યું છે. એસ.એસ.સી., એચ.એસ.સી., કૉલેજ લેવલ ડિગ્રી-ડીપ્લોમા કોર્ષ તેમજ અનેક શૈક્ષણિક શાખાઓમાં સમાજના વિદ્યાર્થી ભાઈ–બહેનો તેમની વાર્ષિક પરીક્ષાઓમાં ઉચ્ચ ગુણાંક મેળવીને ગૌરવપ્રદ સિદ્ધિ હાંસલ કરી રહ્યાં છે. તેઓને બિરદાવવા અને તેમનું અભિવાદન કરવાની ભાવના સાથે શ્રી પાટણ જૈન મંડળે વિવિધ ફંડ યોજના દ્વારા તેમજ પોતાના ભંડોળમાંથી પારિતોષિક આપવાની યોજના બનાવી છે.

મંડળ તરફથી અપાતા વિવિધ મેરીટ પ્રાઈઝની વિગતો અત્રે રજૂ કરીએ છીએ. આ ઈનામ પારિતોષિકો મેળવવા અંગેનું જરૂરી ફોર્મ મંડળના મરીનડ્રાઈવ, ગોરેગામ, બોરીવલી, ભાયદર તથા પાટણ ખાતેના કાર્યાલયો ખાતે ઉપલબ્ધ છે, જે સંપૂર્ણ વિગતો ભરી, માર્કસીટની ઝેરોક્ષ નકલ સાથે **તા. ૦૫-૦૧-૨૦૨૫ સુધીમાં મોકલાવી આપવું. મેરીટ પ્રાઈઝ સમાજના તમામ સ્તરના વિદ્યાર્થીઓને તેમની શૈક્ષણિક ગુણવત્તાના ધોરણે જ અપાય છે.**

**ઈનામ વિતરણ સમારંભ તા. ૨૬-૦૧-૨૦૨૫ના રોજ શ્રી પાટણ જૈન મંડળ શ્રીમતી ગીતાબેન રાકેશકુમાર શાહ કોમ્યુનિટી હોલ, ૭૭ મરીનડ્રાઈવ, મુંબઈ - ૪૦૦૦૨૦- સવારે ૧૦.૦૦ કલાકેથી રાખેલ છે.**

**એવોર્ડ મેળવવા માટેનું ફોર્મ મંડળની વેબસાઈટ patanmandal.org ઉપરથી પણ ડાઉનલોડ કરી શકાશે.**

**MERIT PRIZES FOR S.S.C. ICSE OR CBSE OR EQUIVALENT EXAM**

| | PRIZE NAME | ELIGIBILITY |
|---|---|---|
| 1. | Smt. Smitaben Vikramkumar Dawawala Marriage Prize | 1st Highest Mark |
| 2. | Shri Mohanlal Sakarchand Prize | 2nd Highest Marks |
| 3. | Shri Halabhai Maganlal Girls Student Prize | 1st Highest |
| 4. | Smt. Mrudulaben Navinchandra Dawawala Maths Prize | Highest Marks in Maths Subject |
| 5. | Smt. Nirmalaben Sevantilal Jhaveri Gujarati Prize | Highest Marks in Gujarati Subject |
| 6. | Shri Harshit Bharatkumar Shah English Prize | Highest Marks in English Subject |
| 7. | Shri Harshit Bharatkumar Shah Science Prize | Highest Marks in Science Subject |
| 8. | Shree Patan Jain Mandal Additional Prize | 80% & up marks to all students |

**MERIT PRIZES FOR H.S.C. OR EQUIVALENT EXAM SCIENCE**

| | | |
|---|---|---|
| 1. | Shri Sevantilal Kantilal Prize | 1st Highest Mark |
| 2. | Shri Nipun Kapurchand Sonawala Prize | 2nd Highest Marks |
| 3. | Smt. Jivibai Laherchand Kotawala Prize | 3rd Highest Marks |
| 4. | Shri Prvinchandra Chimanlal Kilachand Science Prize | Highest Marks in Science Subject |
| 5. | Smt. Mrudulaben Navinchandra Dawawala Maths Prize | Highest Marks in Maths Subject |
| 6. | Shree Patan Jain Mandal Additional Prize | 70% & up marks to all students |

**COMMERCE**

| | | |
|---|---|---|
| 1. | Shri Yashwadan Jeshinglal Chokshi Prize | 1st Highest Mark |
| 2. | Shri Yashwadan Jeshinglal Chokshi Prize | 2nd Highest Marks |
| 3. | Kum. Khushboo Kartik Navinchandra Shah Account Prize | Highest Marks in Account (B.K.) |
| 4. | Kum. Khushboo Kartik Navinchandra Shah Maths Prize | Highest Marks in Maths Subject |
| 5. | Shree Patan Jain Mandal Additional Prize | 65% & up marks to all students |

**ARTS**

| | | |
|---|---|---|
| 1. | Shree Patan Jain Mandal Prize | 1st Highest Mark |
| 2. | Shri Maneklal Gabhruchand Shah Gujarati Prize | Highest Marks in Gujarati Subject |
| 3. | Shree Patan Jain Mandal Additional Prize | 66% & up marks to all students |

**MERIT PRIZES FOR COMMON-ENTRANCE EXAMS ENGG/MEDICINE-**

| | | |
|---|---|---|
| 1. | Shree Patan Jain Mandal Prize | 1st Highest Mark |

**MERIT PRIZES FOR DEGREE COURSE STUDENT B.COM. (FINAL)**

| | | |
|---|---|---|
| 1. | Smt. Bapuben Keshavlal Hemchand Teliawala B.Com. Prize | 1st Highest Mark |
